ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૧-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

હવે, સમય પાકયો છે ભ્રષ્ટ આચારને નાથવાનો...

ગાંધીનગરની સરકારી કચેરીઓમાં થતી ગેરરીતીઓ અને કૌભાંડો અખબારના પાના પર ચમકયા કરે એમાં હવે નવાઈ જેવું કશું રહેતું નથી. નાની-મોટી ગેરરીતીઓ આંખ આડા કાન કરી પ્રજા અને મીડિયા જવા દે છે. પરંતુ મોટીમસ રકમના કૌભાંડો, ઉચાપતો, ગેરરીતીઓ સમાજની ઊંઘ ઉડાડી દે છે. ત્રીજા વર્ગનો કર્મચારી ૧૧ કરોડ જેવી મોટી રકમની ઉચાપત કરે અને સહીસલામત રીતે ગાંધીનગરમાંથી નીકળી જાય. આ ઘટના માત્ર સમાચારની નહિ સમાચારના ચિંતનની છે. આ માત્ર એક જ ઘટના નથી વિભાગે વિભાગે કચેરીએ કચેરીએ ગેરરીતી અને કૌભાંડોની જાળ પથરાયેલી છે. કયાંક કોઈ પકડાય છે તો કયાંક કશાનો વહીવટ થાય છે, કયાંક સરખેભાગે વહેંચીને ખવાય છે, તો કયાંક ખવડાવાઈને ઉચાપત થાય છે. ગેરરીતીઓના પણ અનેક પ્રકાર છે, ભ્રષ્ટાચારની વિવિધ શૈલીઓ છે. નાની-મોટી રકમને કોઈ પૂછતું નથી. આંકડો જયારે કરોડ ઉપર પહોંચે ત્યારે સૌની આંખો પહોળી થાય છે. તપાસ થાય, કેસ ચાલે અને પાછી ન્યાયપાલિકાના દરવાજે મુદતો ઉપર મુદતો પડે. મૂળ મુદ્દો ભુલાઈ જાય ત્યારે ચુકાદો આવે. આવી પરંપરામાંથી પસાર થતા વહીવટને ભ્રષ્ટ આચારને અટકાવવો નાથવો સમયની માંગ છે.

સરકારી વહીવટી તંત્રમાં નાનીમોટી અસંખ્ય કચેરીઓ અને લાખો કર્મચારીઓ સંકળાયેલા છે. સત્તા સાથે લેવડદેવડને સંબંધ છે. આ અટકાવવું પડે એમ છે આજે તો સ્થિતિ એ છે કે કર્મચારીએ કર્મચારીની અરજી મંજૂર કરવા માટે પણ લાંચ લે છે. પરિસ્થિતિ ત્યાં સુધી વણસી છે. બધે જ બધું ખોટું થાય છે એવું કહેવું નથી પરંતુ મોટાભાગે ઘણુંબધું ખોટું થાય છે એવું ચોક્કસ કહેવું છે. હવે તો ખોટું કરવા માટે નહીં પરંતુ સમયસર કામ કરાવવા પૈસા આપવા પડે છે. ભ્રષ્ટાચારની આ વ્યાપકતા ગેરરીતીઓની આ માયાજાળ અને આ કૌભાંડોની કથા સમગ્ર સમાજને કોરી રહ્યું છે. માત્ર આર્થિક રીતે જ નહીં પણ માનસિક રીતે સમાજ થાકી ગયો છે. પૈસા આપ્યા વિના કોઈ કામ થાય જ નહીં એવી માનસિકતા સર્વસ્વીકૃત બની છે અને આને સારું કહેવાતું હોય, સૌને સ્વીકાર્ય થતું હોય એમાં કોઈને કશું કહેવાનું નથી.ચામડી આપણી જાડી થતી હોય. કાચબાની માફક આપણે જીવતા હોય તો કૌભાંડ ૧૧ કરોડનું થાય કે ૧૧૦૦ કરોડનું થાય તો પણ કોઈના પેટનું પાણી હાલતું નથી. ભ્રષ્ટાચાર નાબૂદી માટે માઈકો તૂટી જાય ત્યાં સુધી ભાષણો કરવા ટેવાયેલા આપણા નેતાઓ તંત્રના છેવાડાના ધામ સુધી પ્રસરેલ ઊંધઈને નાથવા છતાં કેમ કોઈ નક્કર વાત નથી કરતું. ભ્રષ્ટાચારના આક્ષેપો કરવાથી ભ્રષ્ટાચાર નાબૂદ નથી થતો. ભ્રષ્ટાચાર પર સંવાદો અને પરિસંવાદો કરવાથી કે ભ્રષ્ટાચારના હોર્ડિંગ્સો લગાવાથી ભ્રષ્ટાચાર નાબૂદ નથી થતો. ભ્રષ્ટાચાર નાબૂદી માટે નખશીખ પવિત્રતાની આવશ્યકતા છે, સંકલ્પ બદ્ધતાની આવશ્યકતા છે, સ્પષ્ટ વિચાર અને શુદ્ધ વિચારની આવશ્યકતા છે.

રાજકીય ઈચ્છાશક્તિ હોય તો ભ્રષ્ટાચાર નાબૂદી સરળ છે. સવાલ માત્ર આચરણનો છે. ઉપરથી નીચે આવે છે. પ્રધાનોના કૌભાંડો જોવા વાંચવા અને છાવરવામાં વ્યસ્ત રહેતા કર્મચારીઓ કે અધિકારીઓ ભ્રષ્ટાચારથી કેવી રીતે અળગા રહી શકે. ભ્રષ્ટાચાર જેવા સાપને દૂધ પાઈ પાઈ રાજનેતાઓએ ઉછેર્યો છે હવે સાપ કરડવાની બીક લાગે છે એટલે બૂમાબૂમ કરે છે. નાહકની બૂમાબૂમ થયા છે સાપ સાથે રાખવો છે ભ્રષ્ટાચાર કરાવો છે અને છતાંય દુનિયાને કહેવું છે ભ્રષ્ટાચાર બંધ કરો. ભ્રષ્ટાચાર સામે લડત કરીએ છીએ, અમારો જંગ ભ્રષ્ટાચાર સામે છે. આ દંભી વિધાનોની કોઈ અસર તંત્ર કે સમાજ પર ન થાય એ સ્વાભાવિક છે. આ લાલબહાદુર શાસ્ત્રી અને રવીશંકર મહારાજની ભૂમિ છે. 'મારું જીવન એ મારો સંદેશ' એવું સ્પષ્ટ માનનાર મહાત્મા ગાંધીની આ ભૂમિ છે. પારદર્શક જીવન જીવી ઈતિહાસમાં સ્થાન પામનાર રાષ્ટ્રભક્તોની આ ભૂમિ છે. ખોખલા શબ્દો બોલી પ્રજાને ભડકાવનાર કે ભ્રમમાં નાખનાર નેતાઓની વામણી ભાષા તંત્ર ઘોળીને પી જાય છે. સરકાર આ પક્ષની હોય કે પેલા પક્ષની પ્રધાનમંત્રી અ હોય કે બ હોય એનાથી કોઈ મતલબ નથી. શુદ્ધ આચાર સાથેનું વ્યક્તિત્વ જ્યારે આ દેશને સાંપડે છે ત્યારે ત્યારે ક્રાંતિ સર્જાઈ છે પછી ભલે એનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ હોય, મોહન કરમચંદ ગાંધી હોય કે જયપ્રકાશ નારાયણ હોય દેશન એની પડખે રહે છે અને અડીખમ રહે છે. ચૂંટણી લડ્યા વિના પ્રજાના હૃદયમાં અને ઈતિહાસમાં સ્થાન પામનારા આ રાષ્ટ્રનાયકો પાસેથી આજકાલના નેતાઓએ કંઈક શીખવું જરૂરી છે. આચાર ઓછા આચરણ વધારે જરૂરી છે. ભ્રષ્ટાચારને નાથવા માટે, ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટે નાણાં આધારીત રાજનીતિમાંથી તમામ રાજકીય પક્ષોએ બહાર નીકળવું પડશે. જ્યાં સુધી વ્યક્તિ શુધ્ધ નહીં બને ત્યાં સુધી સમાજ શુધ્ધ નહીં બને, ત્યાં સુધી તંત્રમાં શુધ્ધતા નહીં આવે. આજે જરૂર છે કરોડો રૂપિયાના વહીવટી કર્તાઅધિકારીઓ અને કર્મચારીઓમાં શુદ્ધ આચાર અને શુદ્ધ વિચારની અને તે આવશે નેતૃત્વ માંથી. તે આવશે સમાજના જાહેર જીવનમાંથી. હજુ પણ મોડું થાય તે પહેલાં પાછા વળી જઈએ. ખોટી રીતે એક રૂપિયો હોય કે કરોડ હોય મારે લેવા નથી કે મારે આપવા નથી. એવો ભાવ પ્રગટાવવાનું વાતાવરણ નિર્માણ કરીએ અને ત્યારે જ પ્રધાનમંત્રીથી લઈ વર્ગચારના કર્મચારી સુધી આંતરીક શુદ્ધ વિચાર ધારા પ્રગટાવવામાં સફળ થઈશું તો વેડફાતા અને લૂંટાતા પ્રજાના નાણાંને અટકાવી શકાશે. ભ્રષ્ટાચાર નાથવામાં જો હવે વધુ મોડુ થશે તો પ્રજાકીય આક્રોશ બળવામાં પરિણમે તેવા અણસાર જનમાનસ પર વર્તાય છે. સૌના મનમાં રોષ છે, સૌને આક્રોશ છે, નારાજગી છે પરંતુ કોઈ સાચો માર્ગ દેખાતો નથી એટલે બધા અટવાય છે અને સત્તા સમક્ષ લાચારી સમક્ષ, સાક્ષી ભાવે ભ્રષ્ટાચારના ભૂતને ભટકવા દેવાય છે. પણ હવે સમય પાકયો છે ભ્રષ્ટ આચારને અટકાવવાનો.

'ઈકો કલબ' અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

રાજયમાં પ્લાસ્ટીક એક મોટી સમસ્યા થઈ રહી છે ત્યારે ગોઝારિયા આદર્શ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ પ્લાસ્ટીક બેગનો ઉપયોગ કરવો નહિ તેવા સંદેશ સાથે કાગળની બેગ બનાવી હતી.

પ્લાસ્ટીકથી અનેક સમસ્યાઓ સર્જાય છે. રખડતા પશુઓ પ્લાસ્ટીક ખાવાથી મૃત્યુ પામ્યા છે. તેવા બનાવો પણ બનવા પામ્યા છે ત્યારે ગોઝારિયા પ્રાથમિક કન્યા શાળાની ધોરણ-૪માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ પ્લાસ્ટીક પર પ્રતિબંધના સંદેશ સાથે કાગળની થેલીઓ જાતે બનાવી હતી.

બાળાઓ દ્વારા કાગળની બનાવેલી થેલીઓને પરાગ સ્ટોરના માલિકે ખરીદી હતી. તેમજ આ બાળાઓને બિરદાવી ઈનામ આપવામાં આવ્યા હતાં.

આરોગ્ય વિષય પર સ્પર્ધા યોજાઈ

ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં આરોગ્ય વિષય પર જોડકણા શબ્દોની વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં





શાળાના ૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આરોગ્ય વિષય પર દોઢ મિનિટ જોડકણા શબ્દો બોલવાની સ્પર્ધા કરવામાં આવી હતી. જેમાં હિના રાવળ અને દિવ્યા પરતેતીએ સૌથી વધારે શબ્દો બોલીને પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. બંને વિદ્યાર્થીનીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

દિનપ્રતિદિન વધતી ઠંડી જનજીવનમાં ઘેરી અસર છોડે છે. આબાલ-વૃદ્ધ સૌ ઠંડીમાં થથરે છે. નાનાં ભૂલકાંઓ વહેલી સવારે શાળાએ જવા ગોટ-મોટ થઈ નીકળે છે. ઠંડીમાં એક કલાક શાળાએ મોડું જવાનું હોય છે એનો આનંદ પણ છે. પરંતુ ઠંડીમાં થથરતું શાળાએ જવાનું છે એવું નાનકડું દુઃખ પણ છે. મિશ્ર લાગણી સાથે બાળકો વહેલી સવારે સ્કુલ બસ કે રિક્ષાની રાહ જોતાં નજરે પડે છે.

વિદ્યાર્થીઓ તેમના જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે કરે : રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજી

ગુજરાત યુનિવર્સિટીનો ૬૨મો પદવીદાન સમારોહ યોજાયો

અમદાવાદ, તા.૧૯

ગુજરાત યુનિવર્સિટીના ૬૨મા પદવીદાન સમારંભમાં દીક્ષાંત પ્રવચન આપતાં ગુજરાતના રાજયપાલ ડો. શ્રીમતી કમલાજીએ પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને શુભેચ્છા-સફળતા પાઠવી તેમના જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ સમાજ તથા રાષ્ટ્રના ઘડતરમાં કરી સામાજિક દાયિત્વ નિભાવવા અનુરોધ કર્યો છે. શિક્ષણ વ્યકિતને ભવિષ્યના પડકારોનો સામનો કરવાની ક્ષમતા પુરી પાડે છે જેનાથી વ્યકિત સમાજ પ્રત્યેની જવાબદારી સારી રીતે નિભાવી શકશે. કોઈ પણ રાષ્ટ્ર શિક્ષણ વગર મજબૂત આર્થિક વિકાસ કરી શકે નહીં. શિક્ષણ દ્વારા વ્યકિતની ઉત્પાદકતા, સર્જનાત્મકતા અને વ્યકિતગત વિકાસમાં વધારો થાય છે.

રાજયપાલશ્રીએ વિદ્યાર્થીઓને ફક્ત પદવી પ્રાપ્ત કરવા નહીં પણ રચનાત્મક, વિજ્ઞાન-ટેકનોલોજી સભર શિક્ષણ પ્રાપ્ત કરવા સૂચન કરતાં શિક્ષણ સંસ્થાઓને વિદ્યાર્થીઓમાં કાર્યકુશળતા અને શ્રેષ્ઠ માનવીય મુલ્યોનું સિંચન થાય તેવું શિક્ષણ આપવા ભારપૂર્વક જણાવ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટીને રાજયની સૌથી મોટી પાયોનિયર યુનિ. ગણાવતાં રાજયપાલશ્રીએ વધુમાં કહ્યું હતું કે સંસ્થા દ્વારા ટેકનોલોજીના પરિવર્તન સાથેના ઈનોવેટીવ અભ્યાસક્રમો હાથ ધરી વૈશ્વિક વિકાસ સાથે કદમ મિલાવવાની તક પૂરી પાડી છે તે સરાહનીય બાબત છે.

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓના જીવનમાં સફળતા પ્રાપ્ત કરવાની શુભેચ્છા પાઠવતા પ્રામાણિક, વિશ્વાસ, શિસ્ત, નૈતિકતા જેવા ગુણો કેળવવા ખાસ અનુરોધ કર્યો હતો. તેમણે રાજયની શિક્ષણ સંસ્થાઓની વિશ્વકક્ષાએ ગણના થાય તે માટે સરકારની સાથે સાથે સમાજ અને સંસ્થાઓએ ખભે ખભા મિલાવી કામ કરવા જણાવ્યું હતું.

પૂર્વ નિયામકશ્રી યુનેસ્કો જર્મનીના પ્રા. રવિન્દ્ર દવેએ શિક્ષણ ક્ષેત્રે સંખ્યાત્મક તેમજ ગુણાત્મક વિકાસ માટે ઉદભવતા પડકારોને ઝીલવાની પ્રેરણા લેવા તથા ગુજરાત અને ભારતના ઉચ્ચ શિક્ષણનો સ્પષ્ટ 'રોડમેપ' બનાવવાની આવશ્યકતા જણાવી હતી.

પદવીદાન સમારંભમાં કાર્યકારી કુલપતિ ડો. મુકુલભાઈ શાહ તથા કાર્યકારી રજિસ્ટ્રાર શ્રી બી.વી. પટેલે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

પદવીદાન સમારંભમાં રાજયપાલશ્રીના વરદ હસ્તે ૧૨૩ જેટલા વિદ્યાર્થીઓને ૨૧૦ જેટલા ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. વિનયન વિદ્યાશાખાના ૧૯૧૦૯, વિજ્ઞાન વિદ્યાશાખાના ૫૦૨૪ ઈજનેરી વિદ્યાશાખાના ૨૩૩, કાયદા વિદ્યાશાખાના ૯૯૮, તબીબી વિદ્યાશાખાના ૩૭૧, વાણિજ્ય વિદ્યાશાખાના ૨૫૧૫૭, દંત વિજ્ઞાન વિદ્યાશાખાના ૩૫૫, ફાર્મસી વિદ્યાશાખાના ૯ તથા શિક્ષણ વિદ્યાશાખાના ૮૦૨૦ મળી કુલ ૫૯૨૭૬ વિદ્યાર્થીઓને પદવી/ડીપ્લોમા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અધ્યાપકશ્રીઓ પ્રોફેસરો, સિન્ડીકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, અગ્રણીઓ, વિદ્યાર્થી ભાઈ-બહેનો, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

હરિની દૃષ્ટિ...

સારું થયું સાહેબ, નાની કેડરનો કર્મચારી હતો એટલે ૧૦ કીલો જ સોનું લઈને ભાગ્યો, બાકી તો,...!!

નરેન્દ્રભાઈ મોદીની કાશ્મીરી પંડિતોના પ્રતિનિધિમંડળે લીધી મુલાકાત

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિસ્થાપિત કાશ્મીરી પંડિતોને થયેલા અન્યાય પ્રત્યે ઉંડી સહાનુભૂતિ દર્શાવી છે અને જણાવ્યું છે કે કાશ્મીર ખીણપ્રદેશમાં તેમના સલામત અને સમ્માનભેર પુનઃસ્થાપન માટે ભાજપ પ્રતિબધ્ધ છે અને જમ્મુ-કાશ્મીરની ભુમિ પર કાશ્મીરી પંડિતોની સદીઓ જુની સંસ્કૃતિને

પુનર્જીવિત કરવા માટે પક્ષ સમુદાયની સાથે મળીને પ્રયાસો કરશે.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કાશ્મીરી પંડિતોના એક પ્રતિનિધિમંડળે આજે મુલાકાત લઈને તેમના સમુદાયને છેક ૧૯૯૦ની સાલથી કાશ્મીરમાં ભોગવવા પડતા વિવિધ પ્રશ્નો મુદ્દે હસ્તક્ષેપ કરવાની વિનંતી કરતું આવેનદપત્ર પાઠવ્યું હતું.

કાશ્મીરી પંડિતોના દુઃખમાં સહભાગી થતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે આજથી ૨૪ વર્ષ પહેલા ૧૯ જાન્યુઆરી ૧૯૯૦ના રોજ કાશમીરી પંડિતોને તેમનું વતન છોડવાની ફરજ પાડવામાં આવી હતી આ માત્ર એક સમુદાય પર થયેલો હુમલો નહોતો પણ તેમની સદીઓ જુની સંસ્કૃતિ અને પરંપરા ઉપરનો હુમલો પણ હતો. કાશ્મીરી પંડિતો સાથે થયેલો અન્યાય એ માત્ર તેમના અધિકારો પર થયેલો હુમલો નથી પણ સર્વ પંથ સમભાવના આપણા રાષ્ટ્રિય આદર્શ પર થયેલા હુમલા સમાન છે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

પ્રતિનિધિમંડળે પરંપરાગત કાશ્મીરી પરિધાન અને હસ્તકલાની કૃતિઓ દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદીને સન્માનિત કર્યા હતાં.

સોશિયલ સાઈટ્સ અને સંબંધોનું શોકેશીંગ... ટફ છે!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

જે લોકો સોશિયલ નેટવર્કિંગ સાઈટસ વાપરતા હશે એ લોકો માઈક્રો બ્લોગીંગ સાઈટ ટ્વિટર વિશે તો જાણતા જ હશે. ટ્વિટરમાં તમારી વાત કહેવા માટે યુઝર્સને ૧૪૦ શબ્દો મળે છે. આટલા ઓછા શબ્દોમાં કોઈ અભિવ્યક્તિ કરવી થોડી મુશ્કેલ છે પણ આ જ ૧૪૦ શબ્દોની માયાજાળે જ સુનંદા થરૂરની જિંદગી એટલી મુશ્કેલ બનાવી દીધી કે અંતે એણે ટ્વિટરના બોક્ષમાં ૧૪૦ શબ્દો લખવા કરતા દુનિયા છોડી જવી વધુ મુનાસીબ માની. સુનંદા થરૂરને ભારતમાં નહિ જાણતું હોય એવું લગભગ કોઈ નહીં હોય. કેન્દ્રીય પ્રધાન અને તબિયતથી રંગીલા અને સતત વિવાદોમાં રહેવા જાણીતા શશી થરૂરની આ બોલ્ડ અને બ્યુટીફુલ પત્નીનો મૃતદેહ દિલ્હીની પોશ હોટેલ ધ લીલાના કમરા નં. ૩૪૫માં શુક્રવારે રાત્રે મળી આવ્યો. પ્રથમ નજરે વિવિધ બિમારીઓથી પીડાતા સુનંદા થરૂરનું મૃત્યુ દવાના ઓવરડોઝથી થયું હોવાનું જણાવવામાં આવ્યું છે પણ મર્ડર મિસ્ટ્રીનો એક છેડો નીકળે છે સોશિયલ સાઈટસ ટ્વિટર બાજુ. એક છેડો નહિ પણ એમ કહી શકાય કે આ આખી ઘટનાના મૂળમાં રહેલું છે ટ્વિટર. ટ્વિટર પર શરૂ થયેલી અને સરાજાહેર થયેલી એક નાનકડી ચિનગારીએ થરૂર દંપતિના હસતા રમતા પરિવારમાં આગ લગાડી દીધી.

આપણી એક જૂની કહેવત છે કે, 'નેકી કર ઓર દરિયા મેં ડાલ' પણ આજના આધુનિક અને સતત ગતિમય યુગમાં આ જ વાત નવા સ્વરૂપે કહી શકાય છે કે, કુછ ભી કર ઓર સોશ્યલ સાઈટ્સ પર ડાલ. વરસોથી મનુષ્ય પોતાના મનોભાવ વ્યક્ત કરવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવતો રહ્યો છે. પોતે શું કરી રહ્યો છે અથવા શું કરવા જઈ રહ્યો છે કે શું કરવાનો છે એનો પ્રચાર- પ્રસાર કરવો એ મનુષ્ય સ્વભાવની ખાસિયત રહી છે અને આજે જયારે આ પ્રચાર પ્રસારના માધ્યમો અનેક ગણા અને એકદમ હાથવગા થઈ ગયા હોય આવા પ્રચાર કે પ્રસારમાં ઉછાળો આવતો જાય છે. વીજાણું દુનિયાએ ભરેલી હરણફાળના પગલે પગલે સસ્તા અને હાથવગા થયેલા વીજાણું ઉપકરણોને લીધે અભિવ્યક્તિ અથવા તો એકશપ્રેશન ત્વરિત અને વ્યાપક બનતું જાય છે.

સુનંદાના અચાનક મોતમાં સોશિયલ સાઈટસની ભૂંડી ભૂમિકાથી ફરી એકવાર કુછ ભી કર અને સોશિયલ નેટવર્ક પર ડાલ ના નવા કોન્સેપ્ટ પર એક બહેસ શરૂ થઈ ગઈ છે. જો કે ભૂંડી એટલા માટે કહી શકાય કે આમં તો પહેલી નજરે પતિ, પત્ની ઓર વો નો કિસ્સો લાગતો આ બનાવ ફરી એકવાર એ વિચારવા મજબૂર કરી દે છે કે જેમ જેમ ઈન્ટરનેટ અને નેટવર્કિંગનું જોર મનુષ્ય દિમાગ પર કબજો કરતું જાય છે તેમ તેમ સંબંધોની મર્યાદાઓ લોપાતી જાય છે. જે વાત ઘરની ચાર દિવાલો વચ્ચે દફન થઈ શકે એમ હતી કે આપસમાં બેસીને સુલઝાવી શકાય એમ હતી એને સરજાહેર ચર્ચવામાં આવી અને પરિણામે એક બેહદ ખુબસુરત માનવીએ પોતાની સફળ અને સુખી જિંદગીથી હાથ ધોવા પડ્યા. એક બીજા પ્રત્યેના પ્રેમનું ખુલ્લેઆમ પ્રદર્શન કરતા સતત સાથેને સાથે જોવા મળતા અને બેહદ આકર્ષક દેખાતા આ હાઈપ્રોફાઈલ કપલ વચ્ચે એવું તો શું બન્યું કે આ હસમુખી અને ચાર્મિંગ જોડી ખંડિત થઈ?

આજકાલ અનેક સોશિયલ નેટવર્કિંગ સાઈટસ ઈન થીંગ છે. ફેસબુક અને ટ્વિટર આમાં પ્રમુખ છે. અબી હાલ બનતી ઘટનાને એટ એ ટાઈમ તેમ લોકો કરોડો લોકો સુધી પહોંચાડી શકો છો. ફેસબુક કે ટ્વિટર પર મુકેલી તસ્વીર, લખાણ કે ચર્ચા જોતજોતામાં દેશ અને દુનિયાના કરોડો લોકો સુધી મટકું મારતા જ પહોંચાડી શકાય છે અથવા તો એમ કહોને કે જણાવી શકાય છે. અને પછી શરૂ થાય છે આના આઘાત કે પ્રત્યાઘાત. સોશિયલ સાઈટસ પર વગાડાતા ઢોલ નગારા કે બ્યુગલોનો રીસર્ચ જાણવા જેવો છે. એક અહેવાલ મુજબ ૬૨ ટકા લોકો સારા સમાચારો શેર કરવા માટે નેટવર્કિંગનો ઉપયોગ કરે છે જ્યારે ૮૪ ટકા લોકો દોસ્તો કે રિશ્તેદારો સાથે ટચમાં રહેવા. જો કે આ ૮૪ ટકા માંથી પણ મોટાભાગના પોતાનાથી દુર રહેતા લોકો સાથે કીપ ઈન ટચ માટે આનો વપરાશ કરે છે. દિવસે ને દિવસે વધુને વધુ લોકો આ વર્ચ્યુલ વર્લ્ડની ઝપેટમાં આવતા જાય છે. જો કે એમાં મોટાભાગે કાંઈ ખોટું પણ નથી બશર્ત કે એનો સહી ઈસ્તેમાલ થાય. સાવ એવું પણ નથી કે આ સાઈટસોના પ્રતાપે સુનંદા જેવા કેસ જ બને છે. આના ઘણા સારા ઉપયોગ પણ છે જ. એક સર્વે મુજબ ૩૯ ટકા લોકો આનાથી પોતાનું એકલવાયા પણું દૂર કરે છે. આપણે ત્યાં હજુ પણ સહજીવન અને કુટુંબ ભાવના જેવા બેઝીક તત્વો જળવાઈ રહ્યા છે પણ વિદેશોમાં આ બધું તીતર બીતર હોય છે એવા સમયે વર્ચ્યુલ વર્લ્ડમાંથી મળેલા દોસ્તો કે સાથીઓ મહદઅંશે સારી અને સાચી કંપની પુરવાર થાય જ છે.

એક ઉઘાડું સત્ય એ પણ છે કે જેમ જેમ તમે આ સાઈટસના આદિ થતા જાવ તેમ તેમ તમે એકલા પડતા જાવ ખાસ કરીને સુનંદા જેવા કેસમાં. પહેલા એવું રહેતું કે આવી મુશ્કેલ સ્થિતિઓમાં તમારી આસપાસ કોઈ એવા વ્યક્તિઓ રહેતા કે જેની સાથે તમે ખુલ્લા મને વાતચીત કરી શકો. સલાહ લઈ શકો અથવા તો એમના પ્રયાસોથી સમસ્યાનો કોઈ હલ કાઢી શકો. એનાથી વિપરીત સોશિયલ નેટવર્કિંગ પર જયારે સંબંધો એરણે ચડે છે ત્યારે એને સંભાળવા મુશ્કેલ બનતા હોય છે. એક રીસર્ચ મુજબ ક્રોધ કે ગુસ્સાની સ્થિતિમાં આવી સાઈટસ પર મુકવા માટે ટાઈપ કરાતા સંદેશાને ફકત ૨૨ ટકા લોકો જ ફરીવાર વાંચે છે. મતલબ કે જે મનમાં આવે એ વગર વિચાર્યે કે પરિણામની પરવા કર્યા વગર પોસ્ટ કરી દેવામાં આવે છે અને પરિણામે આપણને સુનંદા જેવા મોતના સમાચારો મળે છે. બીજું ઉડીને આંખે વળગે એવું ભયાનક ચિત્ર એ છે કે આવા વખતે સંબંધોનું ગંભીરતા કે મૂલ્યનું ટોટલ બાષ્પીભવન થઈ જાય છે.

સામાન્ય માનવીના સેથા સાથે આવી સાઈટસનો ઉપયોગ સેલીબ્રીટીઓ બેહદ વ્યાયપક પ્રમાણમાં કરે છે. રાજનેતાઓ, ફિલ્મસ્ટારો, ખેલાડીઓ પોતાના પ્રચાર-પ્રસાર માટે દર બે મીનીટે એક ટ્વિટ કે સ્ટેટસ મુકતા રહેતા હોય છે. કોઈપણ બનાવ કે પ્રસંગના અહેવાલ માટે કે તસ્વીરો માટે હવે તમારે બીજી સવારે આવતા અખબાર કે ટેલીવિઝન પર આધારા નથી રાખવો પડતો. અધિકૃત વ્યક્તિ દ્વારા જ ૧૦૦ ટકા અધિકૃત ઈન્ફોર્મેશન તમને તરત જ મળે છે અને સૌથી મોટી બાબત એ છે કે એના પર તમે પ્રત્યાઘાત પણ આપી શકો છો અથવા તો મેળવી શકો છો. મતલબ અબી ચ કે અભી ચ. આવી સાઈટસ પર વાદ વિવાદ, આરોપ પ્રત્યારોપ જેવા વરવા દ્રશ્યો હવે આમ થતા જાય છે. એના સાર કે ખરાબ પરિણામો પણ સરાજાહેર ચર્ચાતા થયા છે.

હાથવગા આ માધ્યમથી સંબંધોના ફુરચે ફૂરચા ઉડવાની ઘટનાઓ લગબગ રોજબરોજની થતી જાય છે. સુનંદાના મોટાના સંદર્ભમાં વિચારીએ તો ભલે એની બિમારીઓ કદાચ અનેક કારણો માહેનું એક કારણ રહ્યું હશે પણ સુનંદા જેવી સંવેદનશીલ વ્યક્તિ માટે એનાથી પણ કદાચ વધુ મહત્વનું રહ્યું હશે સંબંધોમાં તિરાડ અને પાકિસ્તાની પત્રકાર મેહર તરારે સોશિયલ મીડિયા પર કરેલું સંબંધોનું ખુલ્લેઆમ અપમાન. ફક્ત ૧૦-૧૨ ટ્વિટસમાં જ ઘડીના છઠ્ઠા ભાગમાં આખાય ભારતને શશી અને સુનંદા વચ્ચે કૈંક અણબનાવ છે એવો અંદાઝ આવી ગયો. ટ્વિટર પર શરૂ થયેલું આ ટ્વિટ યુદ્ધ જોતજોતામાં ગંભીર બની ગયું. ત્રિકોણના ત્રણેય ખૂણામાંથી ટ્વિટસના તીરો છૂટવા માંડ્યા અને આ તીરોએ ભોગ લીધો સંબંધોનો, વિશ્વાસનો, પ્રયાવસીનો, સચ્ચાઈ જે હોય તે અને જે બહાર આવે તે પણ સોશિયલ સીટસ પર શશી-સુનંદા અને મેહર દ્વારા મુકાયેલા મેસેજોને જ સાચા માનીને ચાલીએ તો ફરી એક વાર એક જ ઘરમાં રહેતા બે માણસ વચ્ચે વાતચીત થવાને બદલે આખોય મામલો સોશિયલ પ્લેટફોર્મ પર ઓપન થઈ ગયો અને કદાચ એવું પણ બન્યું હોય કે ખુલ્લા પડી ગયેલા આ ઘાવને સંતાડવા કરતા સુનંદાએ એના પર ચિતાની આગ લગાડી દેવાનું વધુ મુનાસીબ માન્યું હોય. ગમે તે અને બધું જ સોશિયલ સાઈટસ પર ડાલતા રહેતા લોકો માટે આ એક લાલબત્તી પણ છે. એક ચેતવણી પણ છે જ કે વર્ચ્યુલ વર્લ્ડ પર દેખાય છે એટલી નજદીકિયા નથી હોતી. સુનંદાના મોત પછી આંસુ સારતા એના રીયલ દોસ્તો કે સગા સંબંધીઓ એ આખુય પ્રકરણ જયારે બની રહ્યું હતું ત્યારે બહુ ઓછી પ્રતિક્રિયા કે સમાધાન ના શબ્દો કહ્યા હતા. એક પ્રયાસ તરીકે શશી અને સુનંદા એ એવું ટ્વિટ કરેલું કે એકાઉન્ટ હેક થઈ જવાને લીધે ખોટા સંદેશાઓ મુકાતા હતા પણ આખરે એ સાબિત થયું કે એકાઉન્ટ નહી પણ લગ્નજીવન જ હેક થઈ ગયેલું.

આખાય પ્રકરણમાં યક્ષ પ્રશ્ન એ છે કે શું આવી રીતે સંબંધોને ખુલ્લા પાડવા કે એના વિશે પોતે જગજાહેરાત કરવી જરૂરી હતી? સુનંદાના મોત પછી મોટાભાગનાઓ નો જવાબ તો ના માં જ આવશે. અરે આવું તે કાંઈ કરાતું હશે? પણ હકીકત એ છે કે માઈક્રોબ્લોગીંગ અને સોશિયલ સાઈટસ પર ફકત જાણકારી માટે કરાતી ટ્વિટ કે સંદેશ કયારે વિકરાળ રૂપ લઈ લ્યે છે એ નક્કી નથી કરી શકાતું અને એક સમય એવો આવે છે કે આખીય ઘટના કાબૂ બહાર જતી રહે છે. તમે શરૂ કરેલી બબાલ કોઈ બીજા જ હાથો દ્વારા હાઈજેક થઈ જાય છે. એક માંથી બીજું અને બીજામાંથી ત્રીજું એમ એક પછી એક વિવાદો અને આરોપો લાગતા કે લગાતાવાતા જાય છે અને એક સમય એવો આવે છે કે તમારી ઘટના, વાત કે સ્થિતિ તમારા જ ગળાની ફાસ બનીને રહી જાય છે. તમે એમાંથીનીકળવા ઈચ્છો તો પણ નીકળી નથી શકતા ઉલટા ના વધુને વધુ ફસતા જાવ છો. સરવાળે સુનંદા જેવી ઘટના બને છે.

સાઈટસ પર મુકતા ફોટાઓ, પ્રવાસની વિગતો કે કુટુંબની વિગતોના દુરુપયોગ વિશે લખવા બેસીએ તો ઘણું લાંબુ થઈ જાય પણ ચોક્કસપણે આ પણ સોશિયલ સીટસ પર ઉઘાડા થતા સંબંધોનું એક સ્વરૂપ છે. કાલ સુધી ગલીમાં કે સીમિત વર્તુળોમાં ચર્ચાતો સંબંધ જોતજોતામાં આખાય જગતમાં દાવાનળની જેમ ફેલાઈ જાય છે અને આ દાવાનળમાં અનેકો જીંદગી હોમાય જાય છે અને પાછળ રહે છે એક પડઘાતો પ્રશ્ન.. તૂટેલા સંબંધો કે એક સવાલિયા ભવિષ્ય. મોટા ઉપાડે રીલેશનશીપમાં હોવાના ઢઓલ નગારા પીટતા લોકો જયારે એક સંબંધો તૂટે છે કે એમાં કોઈ ગાંઠ આવે છે ત્યારે ફરીથી ફેસ ટુ ફેસ થવાને બદલે આવી જગજાહેરાત કરતી સાઈટસની અગાસીએ ચડીને બુમાબુમ કરે છે. સાંભળે તો બધા જ છે પણ કોઈ સામો હોકારો નથી મળતો અને જે મળે છે એ પણ વર્ચ્યુલ હોય છે અથવા એટલો દુર હોય છે કે એની સ્વીકાર્યતા મહદઅંશે ઓછી હોય છે. અંતે કંટાળીને જે બાબત ને ઢાંકી શકાતી હતી તેને ઉઘાડી કર્યાના આઘાતમાં એ જ અગાસી પરથી પડતું મુકે છે. અગાઉ લખ્યું એમ સારા સમાચારોની સ્પ્રેડ કરવા માટે આ પ્લેટફોર્મ ઓ.કે. છે કે પછી દોસ્તો બનાવીને કોઈ ગંભીર સ્થિતિ સુધી પહોંચ્યા વગર વર્તુળ બનાવવું સારી વાત છે.

અરસપરસ ચર્ચા કે ખુશી વહેચવા સુધી બરાબર પણ જયારે એ જ વર્તુળ કે પ્લેટફોર્મ પર તુટતા સબંધો ના ધજાગરા ઉડે છે ત્યારે એ લડાઈ કે પરિસ્થિતિને ફેસ કરવાની નોબત ફકત એ બે કે ત્રણ પાત્રો ને જ આવે છે પરિણામે મુંજવણને મોકળાશનો મારગ નથી મળતો અને સ્વકેન્દ્રી માનસિકતાને લીધે સાચી નિર્ણયશક્તિનો મોટાભાગે વિનાશ થતો જોવા મળે છે. પરિણામે ઉતાવળિયા પગલા કે અહમને ઠેસ પહોંચવી જેવા બનાવો બને છે જે ધીરે ધીરે ગુસ્સા કે નફરતમાં પલટાઈ જાય છે અને ઉઘાડી થાય છે સંબંધોની વરવી બાજુ અને એ પણ આખીય દુનિયા સામે. એકજેટલી એ જ બન્યું શશી- સુનંદાના કેસમાં. મૃત્યુના બે દિવસ અગાઉ શરૂ થયેલું આ ટ્વિટ યુદ્ધ બંધ થવાને બદલે અર્થહીન દલીલો અને આરોપ પ્રત્યારોપને લીધે લંબાતું ગયું. મેહરની વાત જવા દો તો પણ મહદ થોડા જ કીલોમીટર પાસે પાસે રહેલા શશી અને સુનંદા પણ એકબીજા સાથે વાત કરવાને બદલે પોતાના તૂટેલા સંબંધોની હિન્ટ આપતા રહ્યા અને સરવાળે સુલઝી શકે એવી કે પૂરી શકાઈ એવી એક તિરાડ વધુ પહોળી થતી ગઈ.

અહીં ચર્ચા સોશીયલ સાઈટસના ફાયદા ગેરફાયદાઓની નથી. નો ડાઉટ ફાયદા પણ ઘણા છે પણ વાત છે આવી રીતે ઓપન પ્લેટફોર્મ પર ખુલ્લેઆમ ઉઘાડા થતા, તુટતા, બચતા, ચીરાતા અને કયારેક કરુણ તબક્કે પુરા થતા સંબંધોની અને એના વગર વિચાર્યે થતા શોકેશિંગની....!!

વિસામો :

૧૯મી તારીખે અવસાન પામેલી વીતેલા જમાનાની ખુબસુરત અભિનેત્રી સુચિત્રાં સેને વર્ષ ૨૦૦૫માં એમને મળેલો દાદાસાહેબ ફાલકે એવોર્ડ લેવાની એટલા માટે ના પાડેલી કે એમને ફરીથી કોઈ ઝાકઝમાળ વાળી દુનિયા જોવી જ નહોતી.